
# રોજ નિશાળે જાવું છે



એક જંગલ હતું. ગાઢ અને ગીચ.

જંગલમાં એક સસલાભાઈ રહે. આખો દિવસ જંગલમાં રખડે... ભટકે... લીલું લીલું ઘાસ ખાય. મજા કરે.

એ વરસ જંગલમાં વરસાદ ઓછો પડયો. લીલું ઘાસ ક્યાંક કયાંક મળે.... ક્યાંક ક્યાંક ન મળે ! સસલાભાઈને પૂરું ખાવા ન મળે. દૂ...ર સુધી ઘાસ ખાવા જાવું પડે. ખૂબ થાકી જવાય.

ખાધા વિના તે કાંઈ થોડું ચાલે ?

એક દિવસ કોઈકે કહ્યું કે સામેના જંગલમાં ભારે વરસાદ પડયો છે. લીલું ઘાસ ઘણું ઊગી નીકળ્યું છે. સસલાભાઈને થયું કે હવે અહીં રહીને ભૂખે શા માટે મરવું જોઈએ ? ચાલો ને, સામેના જંગલમાં જઈએ. પેટ ભરીને ખાવા તો મળે !

વહેલી સવારે ઊઠી સસલાભાઈ ચાલ્યા સામેના જંગલમાં. ચાલતાં ચાલતાં રસ્તામાં નદી આવી. નદી તો બે કાંઠે ભરેલી. સસલાભાઈને જોઈને નદીએ કહ્યું, 'સસલાભાઈ અત્યારે કયાં ચાલ્યા વળી ?'

સસલાભાઈ કહે :

સામે જંગલ જાવું છે ,  
લીલું ઘાસ ખાવું છે ,  
તાજા-માજા થાવું છે.

નદીએ કહ્યું , 'સારું, સારું ! જાવ... જાવ... ઘાસ ખાવ ને તાજા-માજા થાવ..'

સસલાભાઈ નદીમાં પડીને ઠંડા પાણીમાં નાહ્યા ! નાહીને ચાલ્યા આગળ...રસ્તામાં નાનકડી ટેકરી આવી... સસલાભાઈને જોઈને ટેકરી બોલી, 'એ...ય, સસારાણા કઈ બાજુ ચાલ્યા ?'

સસલાભાઈ બોલ્યા ,

સામે જંગલ જાવું છે ,
લીલું ઘાસ ખાવું છે ,
તાજા-માજા થાવું છે ,
ઠંડા પાણીથી નાવું છે.

ટેકરી રાજી થતાં બોલી , 'સારું... સારું... સામે જંગલ જાવ... લીલું ઘાસ ખાવ.. તાજા-માજા થાવ... અને ઠંડા પાણીથી નાવ...'

સસલાભાઈ ટેકરી ચડયા. ભારે મહેનત પડી. હાફી જવાયું ! નીચે ઊતર્યા. સામે રાતી ગાય મળી. નિરાંતે ચાલી જાય અને મીઠાં ગીતો ગાતી જાય. ગાય સસલાભાઈને જોઈને કહે , 'સસલાભાઈ...આમ અત્યારે ક્યાં ચાલ્યાં ?'

સામે જંગલ જાવું છે
લીલું ઘાસ ખાવું છે,
તાજા-માજા થાવું છે ,
ઠંડા પાણીથી નાવું છે ,
ટેકરી ઉપર ચડવું છે.

ગાય કહે , 'સારું... સારું... સામે જંગલ જાવ....લીલું ઘાસ ખાવ.... તાજા-માજા થાવ... ઠંડા પાણીથી નાવ અને ટેકરી ઉપર જાવ.'

ગાયો સાથે થોડી વાતો કરી. ગીતો ગાતું સસલું તો ચાલ્યું આગળ...થોડીવારે જંગલ આવી ગયું. ચારે તરફ લીલું મજાનું ઘાસ જોવા મળે... ઝાડ લીલાંછમ... પાંદડાં લીલાંછમ... ધરતી લીલીછમ.. આખું જંગલ લીલુંછમ..

સસલાભાઈ તો રાજીના રેડ થઈ ગયા !

ધરાઈને કૂણું કૂણું ઘાસ ખાધું. ઓડકાર ખાઈને ઝાડ નીચે પગ ઉપર પગ ચડાવી થયા લાંબા ! ત્યાં અચાનક ઘંટનો રણકાર સંભળાયો !

સસલાભાઈ થઈ ગયા સફાળા બેઠા ! તેને થયું કે પાસે મંદિર હશે. તેના ઘંટનો આ અવાજ હશે.

ત્યાં તો થોડીવારમાં આજુબાજુથી વાંદરાભાઈ , હાથીભાઈ, શિયાળભાઈ, હરણભાઈ, વાઘભાઈ, ઉંદરભાઈ, કીડીબહેન..., મંકોડાભાઈ... મંડયા આવવા એક પછી એક !

થોડીવારમાં જંગલમાં લગભગ બધાં પ્રાણી-પક્ષી આવી ગયાં. બધાંના હાથમાં પાટી અને પેન ! સરસ મજાનાં તૈયાર થઈને બધાં હાજર ! વાંદરાભાઈ પાસે તો સરસ મજાનું દફતર ! દફતરમાં એક ખિસ્સામાં પાટી –પેન રાખે ! બીજા ખિસ્સામાં કેળાં અને જામફળ !

હાથીભાઈએ તો વળી ચશ્માં પણ ચડાવેલા !

સસલાભાઈને થયું, આ તે વળી શું ? પાસે રહેલાં કીડીબહેનને પૂછયું, 'અરે ઓ કીડીબહેન.. આ તે વળી શું ? તમે બધાં કેમ ભેગાં થયાં છો ?'

કીડીબહેન હસતાં હસતાં કહે, 'તમે અહીં નથી રહેતા સસલાભાઈ અહીંયા તો રોજ સાંજ પડે ત્યારે નિશાળે ભરાય.... સૌ ભણવા આવે... વાંચતા શીખે.... લખતાં શીખે અને પછી ગીતો ગાય ને મજા કરે....'

સસલાભાઈ કહે , 'અરે ! તો મારે પણ ભણવું છે. ' કીડીબહેન કહે , 'તો ચાલોને ભણવા... આ તો બધાની નિશાળ ! સૌ ભણવા આવે !'

સસલાભાઈ તો બેઠા ભણવા ! ભણવાની અને રમવાની તો ભારે મજા પડી. નિશાળ છૂટી ગઈ. સસલાભાઈ તો એકલા એકલા ગાતા જાય....

સામે જંગલ જાવું છે
લીલું ઘાસ ખાવું છે,
તાજા-માજા થાવું છે ,
ઠંડા પાણીથી નાવું છે ,
ટેકરી ઉપર ચડવું છે ,
ગીત મજાનું ગાવું છે ,
રોજ નિશાળે જાવું છે.

સંસ્કાર સુધા